પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૮૧, કુલ પાના:૪, તારીખ: ૨૭-૧૧-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 81 PRICE :-RS. 1.50 DATE : 27-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### બંધારણ દિવસના પ્રસંગે કેવડિયામાં ચાલતા કાર્યક્રમને વડાપ્રધાને સંબોધિત કર્યું

## એક દેશ એક ચૂંટણી ભારતની જરૂરિયાત, મંથન કરવું જરૂરી: મોદી

ન્યુ દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે બંધારણ દિવસના પ્રસંગે કેવડિયામાં ચાલતા એક કાર્યક્રમને સંબોધિત કરતા ફરીથી દેશનું ધ્યાન એક દેશ એક ચૂંટણી તરફ ખેંચ્યુ અને તેને આજના સમયની જરૂરિયાત બતાવી. મોદીએ જણાવ્યું હતું કે દેશમાં દર મહિને ક્યાંયને ક્યાંય ચૂંટણી હોય છે. તેના પર મંથન શરૂ થવું જોઈએ. મોદીએ જણાવ્યું હતું કે આપણે હવે સંપૂર્ણપણે ડિજિટલાઈઝેશન તરફ આગળ વધવુ જોઈએ અને કાગળનો ઉપયોગ બંધ કરવો જોઈએ. આઝાદીના ૭૫ વર્ષને જોતાં આપણે પોતાના લક્ષ્યાંક જાતે નક્કી કરવા જોઈએ. વડાપ્રધાને જણાવ્યું હતું કે બંધારણની રક્ષામાં ન્યાયતંત્રની મહત્ત્વની ભૂમિકા છે. તેમણે જણાવ્યું હતું કે સીત્તોરના દાયકામાં તેને ભંગ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, પરંતુ તેનો જવાબ બંધારણે જ આપ્યો. કટોકટી પછી આ સિસ્ટમ વધારે મજબૂત થતી ગઈ, તેના પછી અમને ઘણુ શીખવા મળ્યું છે.



વડાપ્રધાને જણાવ્યું હતું કે દરેક નાગરિકે બંધારણને સમજવું જોઈએ અને તેના હિસાબે ચાલવુ જોઈએ. લોકોએ કેવાયસી એટલે કે નો યોર કન્સ્ટિટ્યુશન પર ભાર મૂકવા જોઈએ. વિધાનસભાની ચર્ચાઓ દરમિયાન જનભાગીદારી કેવી રીતે આગળ વધે તેના પર ચર્ચા કરવી જોઈએ. હવે ગૃહમાં પણ કોઈ ખાસ વિષય પર ચર્ચા થાય તો તેની સાથે જોડાયેલા લોકોને બોલાવવા જોઈએ.

પોતાના સંબોધમાં મોદીએ જણાવ્યું હતું કે કોરોના કાળમાં દેશના લોકોને બંધારણ પર વિશ્વાસ હોવાની વાતનું સમર્થન કર્યુ છે. સંસદમાં આ વખત નિયત સમય કરતાં વધારે કામ થયું છે. સાંસદોએ પોતાના વેતનમાં કાપ મૂક્યો છે. તેમણે જણાવ્યું હતું કે કોરોના કાળમાં દેશે ચૂંટણી પણ યોજી, નિયમો મુજબ સરકાર પણ બની ગઈ, જે બંધારણની તાકાત છે. તેમણે કહ્યું હતું કે દેશ બંધારણ દિવસ મનાવી રહ્યુ છે અને લોકશાહીના તહેવારની ઉજવણીમાં ડૂબેલું છે. મોદીએ જણાવ્યું હતું કે દરેકે રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખી કામ કરવું જોઈએ. આ પ્રકારના મુદ્દા પર રાજકારણ રમાય તો બધાને તેનું નુકસાન થાય છે. સરદાર સરોવર બંધ પણ આ રાજકારણનો શિકાર થતો રહ્યો છે. જ્યારે પાણી ઘટ્યુ ત્યારે રાજસ્થાનથી ભૈરોસિંહ શેખાવત-જસવંતસિંહ ગુજરાત તેમને મળવા આવ્યા અને અભિનંદન આપ્યા.

મોદીએ જણાવ્યું હતું કે જે લોકોના લીધે બંધનું કારણ વર્ષો સુધી રોકાયેલું રહ્યુ, તેનો ખર્ચ કરોડો રૂપિયા વધ્યો, તેમના ચહેરા પર આજે ન તો કોઈ પસ્તાવો છે. સરદાર પટેલ ક્યારેય જનસંઘ કે ભાજપના સભ્ય ન હતા. પરંતુ ત્યાં કોઈ રાજકીય છૂતઅછૂતની વાત નથી. આજે સરદાર પટેલનું સ્ટેચ્યુ ઊભું છે, તેનો ફાયદો આસપાસના શહેરને મળ્યો છે, લોકોને રોજગાર મળ્યો છે.

તેની સાથે મોદીએ પાકિસ્તાનથી આવેલા આતંકવાદીઓએ ૨૬ નવેમ્બરના રોજ કરેલા મુંબઈ હુમલાને યાદ કર્યો હતો, જેમા કેટલાય લોકોના જીવ ગયા હતા. મોદીએ જણાવ્યું હતું કે આજે ભારત આતંકવાદનો નવી પદ્ધતિથી સામનો કરી રહ્યુ છે.

## શ્રીનગરમાં આતંકી હુમલો: બે જવાન શહિદ

શ્રીનગર,

શ્રીનગરના બહારના વિસ્તાર પરિમ્પુરામાં ગુરુવારના ક્વિક રિસ્પોન્સ ટીમ પર આતંકવાદીઓના હુમલામાં ૨ સુરક્ષાકર્મચારીઓ શહીદ થઈ ગયા છે. પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે આતંકવાદીઓએ પરિમ્પુરા વિસ્તારના ખુશીપુરામાં સુરક્ષાદળો પર ગોળીઓ વરસાવી. સુરક્ષાદળોએ વિસ્તારને ઘેરીને આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઑપરેશન શરૂ કરી દીધી છે.



ઘટના પર કાશ્મીરના આઈજીએ કહ્યું કે ત્રણ આતંકવાદીઓએ સેનાના જવાનો પર ગોળીબાર કર્યો, જેમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ૨ જવાનોના મોત થઈ ગયા છે. અત્યાર સુધીની જાણકારી પ્રમાણે આ હુમલામાં જૈશનો હાથ છે. ગોળીબાર બાદ હથિયાર બંધ આતંકવાદી કારમાં સવાર થઈને ભાગી ગયા. કહેવામાં આવે છે કે ત્રણ આતંકવાદીઓમાંથી ૨ પાકિસ્તાનના અને એક સ્થાનિક છે. આ પહેલા ગત શનિવારના પાકિસ્તાન તરફથી સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતુ. પાકિસ્તાન તરફથી રાજૌરીના નૌશેરા સેક્ટરમાં ભારતીય સેનાની પોસ્ટને નિશાન બનાવતા ફાયરિંગ કરવામાં આવ્યું હતુ. આ ગોળીબારમાં એક જવાન શહીદ થઈ ગયો, જ્યારે બીજો ગંભીર રીતે ઘાયલ થઈ ગયો. આતંકવાદીઓને ઘૂસણખોરી કરાવવાના ઉદ્દેશથી પાકિસ્તાને આ વર્ષે અત્યાર સુધી ૪૧૩૭ વાર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે.

આ પહેલા જમ્મુ વિસ્તારમાં અનેક ઘટનાઓને આતંકવાદીઓએ અંજામ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારતીય સેનાએ ગુરુવારના જમ્મુ-કાશ્મીરના નગરોટા વિસ્તારમાં ટ્રકમાં છૂપાઈમાં જઈ રહેલા ચાર આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ તમામ આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદથી જોડાયેલા હતા. આ ભટના બાદ પાકિસ્તાન સતત ભારતીય સેનાને નિશાન બનાવવા ફાયરિંગ કરે છે. જમ્મુ કાશ્મીરમાં ૨ દિવસ બાદ એટલે કે ૨૮ નવેમ્બરથી જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણી પણ યોજાવવાની છે.

### લોકો અફવાઓ પર ધ્યાન ન આપે, મોટા ચાર શહેરોમાં રાત્રી કર્ફ્યૂ જ રહેશે

## રાજ્યમાં પરિસ્થિતિ કાબૂમાં, લોકડાઉન કે દિવસે કર્ફ્યૂની જરુર નથી: રૂપાણી

ન્યુ દિલ્હી,

રાજ્યમાં વધતા કોરોના વચ્ચે ૪ મહાનગરોમાં રાત્રી કરફ્યૂ આપવામાં આવ્યો છે. પરંતુ તે બાદ ચર્ચાઇ રહ્યું હતુ કે રાજ્યમાં ફરીથી લોકડાઉન આવી શકે છે. આ વચ્ચે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મોટું નિવેદન આપ્યું છે. ગુજરાતમાં કરફ્યૂ અને લોકડાઉનની સ્થિતિ અંગે ઝસ રૂપાણીએ જણાવ્યું હતુ કે, હાલ કરફ્યૂ બાબતમાં ૪ મહાનગરો માં રાત્રી કરફ્યૂ છે. કોરોનાએ મહામારીને રોકવા સરકાર કટિબદ્ધ છે. ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય અને લોકો ને સરરવાર મળે લોકો સજા થાય.



મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું કે રાજ્યમાં કોઇ પરિસ્થિતિ કોઈ ખરાબ નથી. તેમજ સરકારે માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. કોઈએ ગભરાવાની જરૂર નથી. લોકો માસ્ક પહેરે, જેનું પાલન કરે એ જરૂરી છે. કોઈ લોકડાઉન આવવાનું નથી. કોરોનાની સ્થિતી વકરે ત્યારે ઉચિત નિર્ણય કરીશું. લોકો એ અફવા માં આવવું નહીં. લોકો સાવચેતી રાખે. લોકોની સલામતીની જવાબદારી અમારી છે. તેમજ દિવસે કરફ્યૂ લાદવાની કોઈ વિચારણા નથી.

આ સિવાય અત્યારે વેકસીનની ટ્રાયલ છે રાજ્ય માં ૧૦૦૦ થી વધુ લોકો પર ટ્રાયલ થવાની છે વેકસીન ડિસ્ટ્રીબ્યુશન અંગે વડાપ્રધાનને મુખ્યમંત્રી પાસે થી મંતવ્યો મંગાવ્યા હતા. તેનું આયોજન થઈ રહ્યું છે. કેન્દ્ર સરકાર નક્કી કરશે તે મુજબ આગળ વધીશુ. હાલ ઉત્પાદન ૪ તબક્કામાં રસીનું વિતરણ થશે. જેમા ફ્રન્ટ લાઈન વોરિયર્સને પ્રથમ વેકસીન અપાશે. તે બાદ બીજા તબક્કામાં કોરોના વોરિયર્સ સફાઈ કમદાર રેવન્યુ સ્ટાફ અને પોલીસને અપાશે. ત્રીજા તબક્કામાં ૫૦ વર્ષથી વધુના લોકોને અપાશે, ચોથા તબક્કામાં ૫૦ વર્ષથી નીચેના અને જે કોમોરબીડ હોય તેમને અપાશે.

ઉલ્લેખનીય છે કે ગઈ કાલે લોકડાઉન અંગે DYCM નીતિન પટેલે પણ નિવેદન આપ્યું હતું. સોશિયલ મીડિયામાં વહેતા થયેલા કરફ્યૂ અને લોકડાઉનના મેસેજો બાદ આજે મુખ્યમંત્રી નીતિન પટેલે પત્રકાર પરિષદ યોજીને જાહેરાત કરી હતી કે, રાજ્યના મહાનગરોમાં વીક એન્ડમાં દિવસે કર્ફ્યૂ લાદવાનો હાલ કોઈ વિચાર નથી. નીતિન પટેલે વિશે તેમણે કારણ આપતા જણાવ્યું હતું કે, રાજ્યમાં ગરીબો અને મધ્યમ વર્ગનું પણ વિચારવું પડે. નાના લોકોના ધંધાનું પણ વિચારવાનું હોય છે માટે આવી કોઇ અફવામાં રાજ્યના નાગરિકે ના આવવું જોઈએ.

## શનિવારે વડાપ્રધાન મોદી આવશે ગુજરાત, કોરોના રસી અંગે કરી શકે છે મોટી જાહેરાત

અમદાવાદ,

અમદાવાદમાં કોરોના વેક્સિનનું ટ્રાયલ શરૂ થતાં જ લોકોમાં આશાનું એક કિરણ જન્મ્યું છે. અને કરોડો લોકો ક્યારે વેક્સિન આવશે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અને સૌ કોઈ કાગડોળે બસ વેક્સિન આવવાની રાહ જોઈ રહ્યા છે. તેવામાં તમામ લોકો માટે એક ખુશખબર છે કે હવે ટૂંક સમયમાં જ કોરોના વેક્સિનનું એલાન થઈ શકે છે. તેવામાં એવી પણ સંભાવના છે કે, પીએમ મોદી ગુજરાત આવીને કોરોના રસીને લઈને મોટી જાહેરાત કરી શકે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી નવેમ્બર એટલે કે શનિવારના રોજ ગુજરાતની મુલાકાતે આવશે. ગુજરાત પ્રવાસે આવીને પીએમ નરેન્દ્ર મોદી રાજ્યમાં કોરોનાની રસી બનાવતી ઝાયડસ ફાર્મા કંપનીની મુલાકાત કરશે. અને આ મુલાકાત દરમિયાન પાએમ મોદી ગુજરાતથી કોરોના રસી અંગે મોટી જાહેરાત કરી શકે છે તેવું પણ ચર્ચાઈ રહ્યું છે. વડા પ્રધાન મોદી અમદાવાદની ઝાયડસ કંપનીની મુલાકાત લઈને કોરોના વેક્સિનની કાર્યવાહી અંગેનું પણ નિરિક્ષણ કરશે.

હાલમાં ઝાયડસ દ્વારા ઝાયકોવ-ડી નામની વેક્સિનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદી ગુજરાતમાં વેક્સિનની જાહેરાત કરે તેવી શક્યતાઓ છે. ઝાયડસમાં પીએમ મોદીના આગમનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પીએમ મોદી ઝાયડસની મુલાકાત સમયે સીએમડી પંકજ પટેલ સાથે પણ ચર્ચા કરશે. અને બંનેની વાતચીત દરમિયાન કોરોના વેક્સિનના ડિસ્ટ્રીબ્યુશન મુદ્દે પણ ચર્ચા કરી શકે છે તેવી સંભાવના છે.

## ભારતની ઈકોનોમીમાં અપેક્ષા કરતા પણ વધુ રીકવરી જોવા મળી છે: RBI ગર્વનર

મુંબઈ,

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગર્વનર શશિકાન્ત દાસે ગુરુવારે કહ્યુ હતુ કે, કોરોના મહામારીના કારણે લાગેલા લોકડાઉન બાદ ભારતની ઈકોનોમીએ અપેક્ષા કરતા પણ વધારે જોરદાર રીકવરી કરી છે. ફોરેન એક્સચેન્જ ડિલર્સ એસોસિએશનના કાર્યક્રમમાં તેમણે કહ્યુ હતુ કે, તહેવારોની સીઝનના પગલે માંગમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે અને આ ડિમાન્ડ યથાવત રહે તેવા પ્રયાસો કરવા પડશે.રિઝર્વ બેંક માર્કેટની કામગીરીનુ સંચાલન વ્યવસ્થિત રીતે થાય તે જોવા માટે પ્રતિબધ્ધ છે.કોઈ પણ પ્રકારના રિસ્કને ઓછુ કરવા માટે અમે સતત કામ કરી રહ્યા છે. શશિકાન્ત દાસે કહ્યુ હતુ કે, જોકે દુનિયાની સાથે ભારતમાં પણ ગ્રોથમાં ઘટાડો થાય તેવુ જોખમ રહેલુ છે.આમ છતા ગ્રોથ આઉટલૂક અત્યારે તો સારો દેખાઈ રહ્યો છે.જોકે બજારમાં ડિમાન્ડ બની રહે તેવા પ્રયત્ન કરવા પડશે. ઉલ્લેખનીય છે કે, આરબીઆઈનુ અનુમન છે કે, વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતની ઈકોનોમીમાં ૯.૫ ટકાનો ઘટાડો જોવા મળી શકે છે.

## ભારતમાં કોરોનાનો કહેર: ૨૪ કલાકમાં ૪૪૪૮૯ પોઝિટિવ કેસ નોંધાયા



ન્યુ દિલ્હી,

દેશના નાગરિકો એક તરફ કોરોનાની વેક્સીનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, તો બીજી તરફ સંક્રમણ હજુ પણ સતત વધી રહ્યું છે. ભારતમાં કોરોનાથી સંક્રમિત લોકોની સંખ્યા હવે ૯૩ લાખને સ્પર્શવાની નજીક છે. બીજી તરફ રોજ સરેરાશ ૫૦૦ લોકો કોવિડ-૧૯ સામે લડતાં પોતાનો જીવ ગુમાવે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૪૪,૪૮૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૫૨૪ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૯૨,૬૬,૭૦૬ થઈ ગઈ છે.

નોંધનીય છે કે, ભારતમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૮૬ લાખ ૭૯ હજાર ૧૩૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલમાં ૪,૫૨,૩૪૪ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૧,૩૫,૨૨૩ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ ગુરૂવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૫ નવેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૧૩,૫૯,૩૧,૫૪૫ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, બુધવારના ૨૪ કલાકમાં ૧૦,૯૦,૨૩૮ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

## કૃષિ કાયદાની જરૂર હતી, ખેડૂતો સાથે ફરી કરાશે વાત: કૃષિ મંત્રી

ન્યુ દિલ્હી,

દેશના અનેક રાજ્યોના ખેડુતો કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાની વિરુદ્ધ આજે દિલ્હીની કૂચ કરી રહ્યા છે. ખેડુતોના ભારે વિરોધ વચ્ચે કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમારે કહ્યું છે કે નવા કાયદા ઘડવુ એ સમયની જરૂરિયાત છે. કેટલાક ખેડુતોને આ અંગે મૂંઝવણ છે, જેને દૂર કરવામાં આવશે. તેમણે જણાવ્યું છે કે ૩ ડિસેમ્બરના રોજ ખેડુતોની સંસ્થાઓને વાટાઘાટો માટે બોલાવાયા છે. સંવાદ દ્વારા ખેડૂતોના પ્રશ્નો સાંભળવામાં આવશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમારે ગુરુવારે કહ્યું કે, નવા કાયદા ઘડવો જરૂરી છે. પંજાબના અમારા ખેડૂત ભાઈઓને થોડી મૂંઝવણ છે, અમે મૂંઝવણ દૂર કરવા સેક્રેટરી સ્તરે વાત કરી. મેં બધા ખેડૂત સંઘને ૩ ડિસેમ્બરે ફરીથી બેઠક માટે વિનંતી કરી છે, સરકાર ચર્ચા માટે સંપૂર્ણ તૈયાર છે. આ પહેલા ૧૩ નવેમ્બરના રોજ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર અને રેલ્વે મંત્રી પિયુષ ગોયલે ખેડૂત સંગઠનો સાથે બેઠક કરી હતી પરંતુ તે સમયે બેઠક અનિર્ણિત હતી. હવે ૩ ડિસેમ્બરે ફરીથી વાતચીત થઈ શકે છે.

## લોકો માટે રાહતનાં સમાચાર: કોરોના વેક્સીનનો સંપૂર્ણ ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવશે

ન્યુ દિલ્હી,

કોરોના રોગચાળાનાં વધતા જતા ભય વચ્ચે એક રાહતના સમાચાર બહાર આવ્યા છે. એક ન્યૂઝ એજન્સીના અનુસાર મોદી સરકાર કોરોનાનવેક્સીનનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવી શકે છે. આ સંબંધમાં સામાન્ય બજેટમાં જાહેરાત કરવામાં આવી શકે છે. માનવામાં આવી રહ્યું ચેહ કે ફેબ્રુઆરીના અંત સુધી રસીકરણ પણ શરૂ થઈ શકે છે.



કેન્દ્ર સરકાર કોરોનાનાં વધતા જતા પ્રકોપથી ચિંતિત છે અને તેને નિયંત્રિત કરવા માટે તમામ શક્ય હોય તે પ્રયત્ન કરી રહી છે. આ ક્રમમાં વેક્સીન રસીકરણનો સંપૂર્ણ ઉઠાવવાની યોજના તૈયાર કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ સંબંધમાં સહેમતિ બની ગઈ છે અને બજેટમાં તેની જાહેરાત થઈ શકે છે.

સૂત્રોના અનુસાર સરકારે આ સંબંધમાં સંપૂર્ણ યોજના તૈયાર કરી લીધી છે. તેના અનુમાન અનુસાર દેશના એક નાગરિકને કોરોના વેક્સીન ડોઝ આપવા પર ૬-૭ ડોલર એટલે ૫૦૦ રૂપિયાથી વધુ ખર્ચ આવશે. એટલું જ નહી સરકારે ૧૩૦ કરોડ લોકોને કોરોના વેક્સીન આપવા માટે ૫૦૦ અરબ રૂપિયાનું બજેટ નક્કી કર્યું છે. આ બજેટની વ્યવસ્થા હાલના નાણાકીય વર્ષના અંતમાં કરવામાં આવશે. ત્યારબાદ વેક્સીન પુરી પાડવા માટે ફંડની અછત વર્તાશે નહી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે જ્યારે પણ કોરોનાની વેક્સીન આવશે, દેશના દરેક નાગરિકનું ટીકાકરણ કરવામાં આવશે, કોઈપણ તેનાથી બાકી નહી રહે. પીએમ મોદીએ કોરોનાનાં વધતા જતા કેસને લઈને રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા દરમિયાન પ્રધાનમંત્રીએ આરટી-પીસીઆર તપાસના સરેરાશ પર ભાર મુક્યો અને કહ્યું કે ઘરોમાં આઈસોલેશનમાં રહેતા દર્દીઓ પર સારી રીતે નજર રાખવી પડશે.

તાજેતરમાં ૮ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠકમાં પીએમ મોદીએ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરની ક્લાસ લગાવી હતી. જોકે ખટ્ટર કોરોનાના આંકડા બતાવી રહ્યા હતા, જેના પર તેમને ટોકતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે આંકડા પહેલાં જ આવી ચૂક્યા છે, તમારી પાસે શું પ્લાન છે? મોદીએ ખટ્ટરને પૂછ્યું હતું કે કોરોના વાયરસને રોકવા માટે તમે શું કરી રહ્યા છો અને આગળ શું કરશો. ત્યારબાદ ખટ્ટરે પોતાની યોજનાઓથી વાકેફ કર્યા.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શાહ અમીતકુમાર કનૈયાલાલ

મુ. અંબાલી, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રજાત રાયસિંહ વીરસિંહભાઈ

મુ. ઘુસર ન.વ., તા. ગોધરા

# મહીસાગર જિલ્લામાં આજે ૨૬ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, કડાણા તાલુકાના ૦૧ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષો, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષો, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષોનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૬-૧૧-૨૦૨૦ના સાંજના ૬-૦૦ વાગ્યા સુધીમાં ૧૬૧૫ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લાધમાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષોએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૩૬૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૫ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૮૫૯૮૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૪૫૯ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૯ દર્દી ડીસ્ટ્રીજકટ હોસ્પિરટલ, લુણાવાડા, ૧૫૮ દર્દી હોમ આઈસોલેશન, ૦૯ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC), ૦૭ દર્દી એસ.ડી.એચ. સંતરામપુર અને ૧૦ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૮૯ દર્દીઓ સ્ટેબલ, ૧૩ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

## મહિસાગર જીલ્લા પંચાયતના કર્મચારીને કોરોના પોઝીટીવ આવતાં ૭ શાખાઓ ત્રણ દિવસ માટે બંધ કરાઈ



લુણાવાડા, દિનપ્રતિદિન કોરોનાની મહામારી જોર પકડતી જાય છે. ત્યારે હિસાબી શાખાના એક કર્મચારીનો પોઝીટીવ કેસ આવતા મહિસાગર જીલ્લા પંચાયત કચેરીની ૭ શાખાઓ ત્રણ દિવસ માટે બંધ કરવામાં આવતા અસંખ્ય અરજદારોને મુશ્કેલી પડી રહી છે. મહિસાગર જીલ્લામાં અગાઉ કોરોનાની મહામારી ચાલી રહીને ઉત્તરોતર વધતા જતા કેસો તાજેતરમાં બ્રેક વાગીને ઘટી જતાં હાશકારો પ્રવર્ત્યો હતો પરંતુ દિવાળીની આસપાસથી શિયાળની ઋતુ શરૂ થઈને ઠંડી વર્તાતા એકાએક લોકોના સ્વાસ્થ્ય ઉપર અસર પડીને કોરોનાના કેસો વધી રહેતા લોકોમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ છે. ત્યારે લુણાવાડા સ્થિત મહિસાગર જીલ્લા પંચાયત કચેરીની હિસાબી શાખાના કર્મચારીઓને કોરોના પોઝીટીવ આવતા કર્મચારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગઈ હતી. કોરોનાનું સંક્રમણ આગળ ન ફેલાય તે હેતુથી સરકારી કચેરીમાં સરકારની ગાઈડ લાઈન પ્રમાણે બંધ રાખવાની જોગવાઈ છે. તે સંદર્ભે જીલ્લા પંચાયત કચેરીની હિસાબી શાખાના કર્મચારીને કોરોના પોઝીટીવ આવતા પંચાયત કચેરીની ૭ શાખાઓ ત્રણ દિવસ માટે બંધ કરવામાં આવી છે. સંપર્કમાં આવેલ બાંધકામ શાખા, હિસાબી શાખા, વિકાસ શાખા, મહેકમ શાખા, પંચાયત શાખા, ઈ-ગ્રામ શાખા તથા વિડિયો કોન્ફરન્સ રૂમ આગામી ત્રણ દિવસ માટે બંધ રહેશે. સંપર્કમાં આવેલા અધિકારીઓ કર્મચારીઓએ પણ ત્રણ દિવસ માટે હોમ કવોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જોકે તેઓના સંપર્કમાં આવેલા કર્મચારીઓ અને અધિકારીઓમાં ફફડાટની લાગણી વ્યાપી ગયો છે. જોકે ત્રણ દિવસ માટે વિવિધ ૭ શાખાઓ બંધ કરવામાં આવતા રોજીંદા જીલ્લાભરના અરજદારોથી ધમધમતી શાખાઓ બંધ કરવામાં આવતા લોકોને કામ વિના પરત ફરવાનો વારો આવીને તેઓના કામો અટવાઈ પડતા મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો.

## જિલ્લા કલેકટર સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ સહભાગી થયા



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, લોકતંત્રમાં સંવિધાન-બંધારણ સર્વોપરિ હોઈ તેની રક્ષા કરવી એ આપણું કર્તવ્ય છે. આપણા બંધારણના ઉદેશો સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જળવાઈ રહે તો જ લોકશાહિ પ્રબળ અને મજબૂત બને તેવો ધ્યેય રાખીને લોકો માટે, લોકો વડે, લોકો થકી આ લોકતંત્રની બંધારણની ગરિમા આપણે સૌએ વધારવાની છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪ થી તા.૨૬ નવેમ્બરને રાષ્ટ્રભરમાં સંવિધાન દિવસ તરીકે ઉજવવાની શરૂ કરેલી પરંપરા અંતર્ગત આજે તા.૨૬ નવેમ્બરે જિલ્લા કલેક્ટર આર. બી. બારડે જિલ્લા કલેક્ટરાલયના પટાંગણમાં તથા જિલ્લાત વિકાસ અધિકારી નેહા કુમારીએ જિલ્લાઆ પંચાયત ખાતે તેમજ જિલ્લા૧ની વિવિધ કચેરીઓ, એસ.ટી.ડેપો સહિત જિલ્લાબ તાલુકા મથકોએ આવેલ જિલ્લાીતાલુકાના અધિકારીઓ-કર્મચારીઓ સહિત સૌએ બંધારણના આમુખના સમૂહ પઠનમાં જોડાઈને દેશના બંધારણને વફાદાર રહી દરેકને અધિકારો મળે, સમાનતા, સ્વતંત્રતા મળે તે હેતુસર અમે ભારતના લોકો ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક બનાવવાનું અને દેશના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, તક અને દરજ્જાની સમાનતા નિર્ધારિત કરવાનો તેમજ તેઓમાં વ્યક્તિનું ગૌરવ તેમજ દેશ પ્રત્યેની એકતા અને અખંડિતતાને ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો દ્રઢતાપૂર્વક નિર્ણય કરીને તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ આ બંધારણ સભામાં આ બંધારણ અપનાવીને અમે અમારી જાતને સમર્પિત કરવાના સામુહિક શપથ ગ્રહણ કર્યા હતા. જિલ્લા કલેકટર આર. બી. બારડના અદ્યાક્ષસ્થા ને ત્યાબાદ ઉચ્ચર અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં સંવિધાન-બંધારણ આમુખ ઉપર ગહન ચર્ચા કરવામાં આવી હતી. જયારે ઉપસ્થિત અધિકારીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

## મંત્રાલયની નોંધણી વગર અને RNI ના પત્રકારો વિનાના પત્રકારો વિરૂદ્ધ FIR થશે

ન્યુ દિલ્હી, ભારતમાં, માહિતી અને પ્રસારણ મંત્રાલય નકલી પત્રકારો અને બનાવટી ચેનલો પર કબજો મેળવવા માટે તૈયાર છે, અને જે લોકો આરએનઆઈના અખબારો અથવા ચેનલો ચલાવી રહ્યા છે. તેમને આકરી કાર્યવાહી કરવામાં આવશે. વીડિયો કોન્ફરન્સિંગ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા માહિતી અને પ્રસારણ પ્રધાને જણાવ્યું હતું કે દેશભરમાં એવા બધા લોકો કે જે પ્રેસ આઈડી કાર્ડ લઈને ફરતા હોય અથવા નકલી ચેનલો ચલાવી રહ્યા હોય તેઓ તત્કાળ તપાસ શરૂ કરશે. આ કેસમાં દોષી ગણાતા વ્યક્તિની ઝડપી કાર્યવાહી કરીને ધરપકડ કરવામાં આવશે. વધુમાં, મંત્રીએ કહ્યું કે કેટલાક દોષિત લોકોના કારણે સારા, પ્રામાણિક અને પ્રામાણિક પત્રકારોની છબી ખરાબ થઈ રહી છે, અને તેમનું કાર્ય અવરોધિત થઈ રહ્યું છે. વધુ માહિતી આપતાં તેમણે જણાવ્યું હતું કે દેશમાં નકલી પ્રેસ આઈડી વહેંચવાનો અને નકલી પત્રકારોને નોકરી પર રાખવાનો અને પ્રેસના નામે બ્લેકમેઈલ કરવાનો ધંધો ચાલી રહ્યો છે. તેને કાબૂમાં રાખવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સંદર્ભમાં, તમામ રાજ્યોના પ્રેસ માહિતી મંત્રાલયને સૂચનાઓ જારી કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પત્રકાર / સંવાદદાતાની નિમણૂક ભારત સરકારના આરએનઆઈ દ્વારા નોંધાયેલા અખબાર / મેગેઝિન દ્વારા કરી શકાય છે અથવા ટીવી / રેડિયો માહિતી પ્રસારણ મંત્રાલય સાથે નોંધણી કરાવી શકાય છે અને ફક્ત તેના સંપાદક જ પ્રેસ કાર્ડ આપી શકે છે. જ્યારે પત્રકારો દ્વારા ન્યૂઝ પોર્ટલ અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે ઈન્ટરનેટ પર ચાલતા ન્યુઝ પોર્ટલની નોંધણીની જોગવાઈ માહિતી પ્રસારણ મંત્રાલયમાં નથી અને કેબલ (ડિસ) ટીવી પર ચાલતા કોઈ ન્યૂઝ પોર્ટલ અને ન્યૂઝ ચેનલ નથી. પ્રકારના પત્રકારની નિમણૂક કરી શકાતી નથી. કે જો કોઈ વ્યક્તિ આવું કરે તો તે પ્રેસ આઈડી જારી કરી શકશે નહીં, તે ગેરકાયદેસર છે અને તેની સામે પગલાં લેવામાં આવે તે ખાતરી છે.

જો કોઈ આર.એન.આઈ.નું પોર્ટલ અથવા અખબાર ચલાવતા જોવા મળે છે. તો તેના પર યોગ્ય પગલા લેવામાં આવશે અને આવા વ્યક્તિને માફ કરવામાં આવશે નહીં.

# સંતરામપુર ST બસ સ્ટેશનની અંદર ભુગર્ભ ગટરનું કામ પોલીસ બંદોબસ્ત સાથે હાથ ધરાયુ

સંતરામપુર, સંતરામપુર ખાતે નવનિર્મિત એસ.ટી.બસ સ્ટેશનના કમ્પાઉન્ડની અંદર સંતરામપુર નગરપાલિકાના માજી કોર્પોરેટર અને તેઓના બે પુત્રો તેમજ અન્ય એક વેપારી તેમજ જેસીબી ચાલક અને ટ્રેકટર ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાતા ઉપરોકત આરોપીઓની ધરપકડ કરવાના ચક્રોમાં પોલીસે શરૂ કરતા આરોપીઓ ભુગર્ભમાં જતા રહ્યા હતા. જેથી પોલીસ બંદોબસ્ત સાથે નવીન બસ સ્ટેશન ભુગર્ભ ગટરની કામગીરી ફરી હાથ ધરવામાં આવી હતી.

સંતરામપુર નગરપાલિકાના માજી કોર્પોરેટર ગુલામમહંમદ ઈબ્રાહિમ હરૂળ ઉર્ફે બાબુભાઈ તથા તેમના બે પુત્રો સલીમ હરૂળ અને ઈસ્હાક હરૂળ તેમજ તેઓની બાજુમાં દુકાન ધરાવતા યુનુસભાઈ પીરૂભાઈ મુલેતર તેમજ બે વાહનોના ચાલક વિરુદ્ધ સરકારી જમીનમાં બિનઅધિકૃત પ્રવેશ કરી બિનઅધિકૃત કબ્જો સંતરામપુર પોલીસ બિનજામીનપાત્ર કલમ લગાવી ગુનો દાખલ કરાતા માજી કોર્પોરેટર સહિત અન્ય ઈસમો ભુગર્ભમાં ચાલ્યા ગયા હતા.

સંતરામપુર નગરપાલિકાના માજી કોર્પોરેટર સહિત અન્ય પાંચ આરોપીઓએ ભેગા મળી સરકારી જમીનમાં બિનઅધિકૃત ઉપરોકત આરોપીઓએ પ્રવેશ કરી તેમજ જેસીબી અને ટ્રેકટર લગાવી ગટર લાઈનનુ ખોદકામ કરવામાં આવેલ હતી. તેનુ પુરણ કરી બિન અધિકૃત કબ્જો કરવાનો પ્રયત્ન કરતા અને કામગીરીમાં અડચણ કરતા એસ.ટી.નિગમના સંતરામપુર ડેપોના અધિકારીએ પોલીસ ફરિયાદ આપતા મોડી સાંજે પોલીસે ગુનો નોંધતા ઉપરોકત કોર્પોરેટર સહિત અન્ય આરોપીઓ ભુગર્ભમાં જતા રહ્યા હતા.પોલીસે દિવસભર આરોપીઓની શોધખોળ કરી હતી પરંતુ આરોપીઓ મળી આવ્યા ન હતા. બીજી ગોધરા બી-ડીવીઝનના ડી.સી.માર્ગદર્શન મુજબ ભુગર્ભ ગટર યોજનાની કામગીરી પોલીસ બંદોબસ્ત સાથે આજે કરવામાં આવી હતી.

## લુણાવાડામાં રેપીડ એન્ટીલજન ટેસ્ટીંગની કામગીરી હાથ કરાઈ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

જિલ્લા વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગની ટીમો દ્વારા કોરોના સંક્રમણને અટકાવવા માટે સઘન અટકાયતી પગલાં ભરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આજે મહીસાગર જિલ્લાના મુખ્યમ મથક લુણાવાડા નગરમાં અર્બન હેલ્થા સેન્ટ્ર, ધન્વંળતરી રથ અને આરબીએસકેની આરોગ્ય ટીમ દ્વારા કુવારા ચોકથી દરકોલી દરવાજા સુધીના વિસ્તારમાં આવેલી તમામ દુકાનદારોના રેપીડ એન્ટી જન ટેસ્ટસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૩૬ દુકાનદારોના રેપીડ એન્ટીદજન ટેસ્ટ્ કરવામાં આવ્યાા હતા. તે પૈકી ૪ (ચાર) વ્યકિતઓના રીપોર્ટ પોઝીટીવ આવતાં તેઓને લુણાવાડાના જનરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે મોકલી આપવામાં આવ્યો હતા. આજ રીતે લુણાવાડા નગરના પરા વિસ્તારમાં આવેલ મોલના ૪૯ કર્મચારીઓના રેપીડ એન્ટીરજન ટેસ્ટપ કરવામાં આવ્યાહ હતા.

આ કામગીરી દરમિયાન તમામને સરકાર અને જિલ્લાર વહીવટીતંત્ર તરફથી આપવામાં આવી રહેલ સુચનાઓનું પાલન કરવા તથા કામ વગર ઘરની બહાર ન નીકળવા અને કોરોનાના સંક્રમણને ફેલાતો અટકાવી શકાય તે માટે તમામને માસ્કપ પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા, સોશિયલ ડિસ્ટોન્સીં ગનું પાલન કરવા અને વારંવાર સાબુ/ સેનેટાઈઝરથી હાથ ધોવા અંગે સમજ આપી સરકારની વિવિધ સુચનાઓનું પાલન કરવા પણ જણાવ્યુંર હતું.

## દાહોદના છાપરી ગામે ડીઝલ પાઈપ લાઈનમાં કાણું પાડી ડીઝલ ચોરી કરનાર ત્રણ ઈસમ સામે ફરિયાદ

દાહોદ, દાહોદ તાલુકાના છાપરી ગામે આવેલ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લીમીટેડની પાઈપ લાનમાં ત્રણ જેટલા ઈસમોએ આ પાઈપ લાઈનમાં કાણું પાડી આ પાઈપ લાઈનમાંથી આશરે ૧૨ હજાર લીટરનો જંગી ડીઝલના જથ્થાની કુલ રૂા.૭,૫૦,૦૦૦ની ચોરી કરી હોવાનું બહાર આવતાં આ ઓઈલ કોર્પોરેશનમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ સંબંધે આ કોર્પોરેશનના જવાબદાર કર્મચારીએ આ ઓઈલની ચોરી કરનાર ત્રણ ઈસમો વિરૂધ્ધ નામજોગ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસનો દૌર આરંભ કર્યો છે.

સુરેશભાઈ હીરાભાઈ બામણીયા (રહે.નળવાઈ, તા.ગરબાડા, જિ.દાહોદ), કાન્તીભાઈ ભીમાભાઈ બામણીયા (રહે.દેલસર, ડુંગરી ફળિયું, તા.જિ.દાહોદ) અને સંજયભાઈ માનાભાઈ ડામોર (રહે.ગાંગરડી, તા.ગરબાડા, જિ.દાહોદ) આ ત્રણેય જણાએ એકબીજાના મેળાપીપણમાં ગતા.૨૩મી નવેમ્બરના રોજથી કોઈપણ સમયે છાપરી ગામે આવેલ બાંસવાડા બાયપાસ હાઈવે રોડની બાજુમાં આવેલ ઈન્ડિય ઓઈલ કોર્પોરેશન લીમીટેડની પાઈપ લાઈનમાં કાણું પાડી ડબલ ડબલ વાલ્વ ફીટ કરી ચામુંડા ઢાબા હોટલ સુધી લોખંડની પાઈલ લાઈન જમીનમાં દાટી પાઈપ લાઈનમાંથી ડીઝલ આશરે ૧૨ હજાર લીટર જેની કુલ કિંમત રૂા.૭,૫૦,૦૦૦ની ચોરી કરતાં આ મામલાની જાણ વડોદરા ખાતે રહેતા અને ઈન્ડિયન ઓઈલરી ફાઈનરીમાં ફરજ બજાવતાં શશીકાંત ઘનશ્યામ શર્માને થતાં તેઓ દ્વારા ઉપરોક્ત ત્રણેય જણા વિરૂધ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવાતાં પોલીસે ત્રણેય વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૭-૧૧-૨૦૨૦, શુક્રવાર, નિજ કારતક સુદ-૧૨, સૂર્યોદય-૭-૦૮, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૬, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૨-૧૩થી ૧૨-૫૬ અભિજીત ૭-૦૮થી ચલ-લાભ-અમૃત-૧૧-૧૩ સુધી, ૧૨-૩૫ થી શુભ-૧૩-૫૬ સુધી, ૧૬-૩૯થી ચલ-૧૮-૦૧ સુધી, ૨૧-૧૮થી લાભ-૨૨-૫૬ સુધી

- શુભ હોરા-
૭-૦૮થી ૯-૫૨ સુધી,૧૦-૪૬થી ૧૧-૪૦ સુધી,૧૩-૨૯થી ૧૬-૧૨ સુધી,૧૭-૦૬ થી ૧૮-૦૧ સુધી

## ૧૦૮ની સેવાની કામગીરીનો રિવ્યુ કર્યા બાદ નીતિન પટેલે અધિકારીઓની કાઢી ઝાટકણી

ગાંધીનગર, રાજયમાં દીવાળી બાદ કોરોનાએ ઉથલો માર્યો છે. જેને લઈને તંત્ર સજાગ થઈ ગયું છે આ વચ્ચે ડે.સીએમ નીતિન પટેલે ૧૦૮ની સેવાની કામગીરીનો રિવ્યુ કર્યો હતો. જે બાદ નીતિન પટેલે ૧૦૮ના અધિકારીઓની ઝાટકણી કાઢી છે. તે સિવાય ખાનગીમાં રિપોર્ટ કરાવતા દર્દીઓ મુદ્દે ઉધડો લીધો છે અને કહ્યું છે કે કેમ દર્દીઓને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા નથી એવા સવાલો પણ કર્યા હતા.

ડે.સીએમ નીતિન પટેલે જણાવ્યું હતું કે, કોરોનાના દર્દીઓને ૧૦૮ની સેવા મળે છે. આ કામગીરીનું નિરીક્ષણ કરવા માટે કંટ્રોલરૂમની મુલાકાત લીધી હતી. દર્દીઓને ઝડપથી હોસ્પિટલમાં ખસેડી શકાય તે માટે અહીં કંટ્રોલરૂમ બનાવવામાં આવ્યો છે. અહીં ૨૪ કલાક દેખરેખ રાખવામાં આવી રહી છે. કોરોના પોઝિટિવ આવ્યા બાદ દર્દીને કઈ હોસ્પિટલમાં મોકલવો તેના અંગે મૂંઝણવ થતી હતી. આ અંગે અહીંથી તમામ આયોજન થઈ રહ્યું છે. આ ઉપરાંત જે દર્દીને દાખલ કરવાની જરૂર ન હોય તેમને અહીંથી દવા અંગે માહિતી આપામાં આવે છે.

નીતિન પટેલ વધુમાં જણાવ્યું હતું કે, અહીં તમામ વ્યવસ્થા સુચારુ રીતે ચાલે તે માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રાણાને તૈનાત કરવામાં આવ્યા છે.

## દૈનિક રાશીફળ

તા.૨૭.૧૧.૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.) :- તમારી મહેનત જરૂર સફળતા અપાવશે નવી યોજનામાં અનુકુળતા અંધશ્રધ્ધાથી દૂર રહેજો.
વૃષભ(બ.વ.ઉ.) :- કર્મચારી વર્ગનો સહકાર મલવાનો. વિદેશથી લાભ મિત્રો સાથે પ્રવાસનું આયોજન થાય. નોકરીમાં કાર્યભાર રહે.
મિથુન(ક.છ.ઘ.) :- તમારા ધ્યેયને યોગ્ય દિશામાં વાળવાથી સફળતા મલવાની. આત્મવિશ્વાસ કેળવવો. પ્રવાસથી લાભ રહે.
કર્ક(ડ.હ.) :- સામાજીક સ્તરે તમો છપાયેલા રહેવાના નોકરીમાં લાભ સીઝનલ ધંધામાં અનુકુળતા રહે. માતુશ્રીનો સહકાર રહે.
સિંહ(મ.ટ.) :- હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું નોકરીમાં પ્રમોશનના ચાન્સ રાજકીય લાભ મલવાનો. મિલ્કતથી લાભ રહેશે.
કન્યા(પ.ઠ.ણ.) :- સીઝનલ ધંધામાં અનુકુળતા રહેવાની પિતાશ્રીનો સહકાર સાર રહે. યાત્રા પ્રમાણમાં અનુકુળતાઓ રહેશે.
તુલા(ર.ત.) :- માનસીક અશાંતિ માટેના કારણો જાણવાની કોશીષ કરવી જરૂર શાંતી મલશે. વાણી ઉપર સંયમ રાખવો પ્રવાસ થાય.
વૃશ્ચિક(ન.ય.) :- ઉત્સવ મોજ વસ્તીમાં સમય ન બગડાતા તમારા કાર્યોને વળગી રહેજો વિદેશ જવાની તક માટે સારો સમય રહે.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- આર્થિક લાભ મેળવવાના તમારા પ્રયત્નો ફળવાના જેમાં શંકા ન રાખતા સામાજીક પ્રતિષ્ઠા જળવાઈ રહેશે. મિલકતથી લાભ
મકર(ખ.જ.) :- પરમાત્માની કૃપા હશે તો દરેક અધરા કાર્યોમાં પણ સફળતા મેળવશો તે ન ભુલતા. મિત્ર વર્તુળોનો સહકાર સારો રહેશે.
કુંભ(ગ.શ.સ.) :- વહેવારૂ અભિગમ અપનાવજો શેર સટ્ટામાં લાભ રહેશે. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહેશે. તબીયત બાબત જાળવવું.
મીન(દ.ચ.ઝ.) :- અંગત વિચારોને વળગી રહેજો. અહિ તમારા વિચારો તમારી જીવનશૈલીને અનુરૂપ હોવા જોઈએ નોકરીમાં કાર્યભાર રહે.

### ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના સર્વે રિપોર્ટ અનુસાર

# એશિયામાં સૌથી ભ્રષ્ટ દેશ ભારતઃ પોલીસ સૌથી ભ્રષ્ટ..!!



ન્યુ દિલ્હી, ૪૭ ટકા ભારતીયોનું માનવું છે કે, દેશમાં છેલ્લા ૧૨ મહિનામાં ભ્રષ્ટાચાર વધ્યો છે, જ્યારે ૬૩ ટકા માને છે કે સરકારે ભ્રષ્ટાચારને કાબૂમાં લેવા માટે સંતોષકારક કામગીરી કરી છે. કદાચ આ સાથે જ 'ફીલ ગુડ' ફેક્ટરનો અહીં અંત આવી જાય છે.

એશિયામાં ભારતમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ છે, જે ૩૯ ટકા જેટલું ઉંચું છે. ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના સર્વે રિપોર્ટ અનુસાર, ભારતમાં ૪૬ ટકા લોકોએ જાહેર સેવાનો ઉપયોગ કરવા માટે અંગત સંપર્કોનો ઉપયોગ કરવો પડ્યો હતો. લાંચ આપનારામાં ૫૦ ટકા લોકો પાસેથી તેની માગણી કરવામાં આવી હતી, જ્યારે જાહેર સેવા માટે અંગત સંપર્કોનો ઉપયોગ કરનારા ૩૨ ટકા લોકોએ કબૂલ્યું હતું કે જો તેમણે એમ ના કર્યું હોય તો તેમને જાહેર સેવાનો લાભ ના મળી શક્યો હોત.

ભારત બાદ ૩૭ ટકા ભ્રષ્ટાચારના દર સાથે કંબોડિયા બીજા અને ૩૦ ટકા સાથે બીજા અને ત્રીજા નંબરે આવે છે. જ્યારે માલદીવ અને જાપાન સૌથી ઓછો (૨ ટકા) ભ્રષ્ટાચારનો દર ધરાવે છે. સાઉથ કોરિયા અને નેપાળમાં લાંચરુશ્વત લેવાનું પ્રમાણ અનુક્રમે ૧૦ અને ૧૨ ટકા છે. જોકે, આ દેશોમાં પણ ભ્રષ્ટાચાર નીવારવા સરકાર અનેક પગલાં ભરી શકે તેમ છે તેવું રિસર્ચ કરનારી સંસ્થાનું કહેવું છે.

જાપાનમાં જાહેર સેવાનો ઉપયોગ કરવા માત્ર ૪ ટકા લોકોને અંગત સંપર્કોનો ઉપયોગ કરવો પડ્યો હતો. જ્યારે, ભારતમાં આ પ્રમાણ ૪૬ ટકા જેટલું ને ઈન્ડોનેશિયામાં ૩૬ ટકા જેટલું ઉંચું હતું. અગાઉના રિપોર્ટમાં ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલે જણાવ્યું હતું કે દુનિયાના ૧૮૦ દેશોમાં ભ્રષ્ટાચાર બાબતે ભારત ૮૦મા ક્રમે આવે છે.

રિપોર્ટ મુજબ, દેશના મોટાભાગના લોકોનું માનવું છે કે પોલીસ અને સ્થાનિક અધિકારી લાંચ લેવાના મામલામાં સૌથી આગળ છે. આ લગભગ ૪૬ ટકા છે. ત્યારબાદ દેશના સાંસદ આવે છે જેમના વિશે ૪૨ ટકા લોકોએ આવો મત રજૂ કર્યો છે. બીજી તરફ, ૪૧ ટકા લોકો માને છે કે લાંચખોરીના મામલામાં સરકારી કર્મચારી અને કોર્ટમાં બેઠેલા ૨૦ ટકા જજ ભ્રષ્ટ છે.

પોતાના લેટેસ્ટ સર્વે રિપોર્ટ 'ગ્લોબલ કરપ્શન બેરોમીટર-એશિયા'માં સંસ્થાએ જુનથી સપ્ટેમ્બર સુધીમાં ૧૭ દેશોના ૨૦ હજાર લોકોનો સર્વે કર્યો હતો. જેમાં તેમને છેલ્લા ૧૨ મહિનામાં તેમા દેશમાં ભ્રષ્ટાચાર વધ્યો છે કે ઘટ્યો છે તે અંગેના સવાલ પૂછવામાં આવ્યા હતા.

રિપોર્ટમાં જે જાહેર સેવાઓના ઉપયોગનો ઉલ્લેખ કરાયો છે તેમાં પોલીસ, સરકારી હોસ્પિટલ, દસ્તાવેજને લગતી સેવાઓ તેમજ અન્ય જરુરિયાતને લગતી સેવાઓનો સમાવેશ થાય છે.

ભારતમાં જે લોકોને સર્વે હેઠળ આવરી લેવાયા હતા, તેમાંના પોલીસના સંપર્કમાં આવેલા ૪૨ ટકા લોકોને લાંચ આપવી પડી હતી. આઈડી પેપર્સ જેવા ઓફિશિયલ ડોક્યુમેન્ટ મેળવવા માટે પણ દેશમાં લાંચ આપવી પડે છે.

ભારતમાં આ સિવાય અંગત સંપર્કોનો ઉપયોગ પોલીસનું કોઈ કામ પડે ત્યારે તેમજ આઈડી પ્રુફ મેળવવા પણ કરવો પડે છે. રિપોર્ટમાં ચિંતા ઉપજાવે તેવી એક વાત એ પણ જણાવાઈ છે કે ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવામાં જોખમ છે તેવું માનનારા લોકોની સંખ્યા ૬૩ ટકા જેટલી થાય છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં બેંકો બંધ રહેતા રોજીંદો વ્યવહાર ખોરવાતા વેપારીઓ પરેશાન

દાહોદ,

ખાનગી કંપનીઓને બેન્કીંગ માટેના લાઈસન્સ આપવાના રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નિર્ણય સામે વિરોધ નોંધાવવા માટે આજે દેશભરની એસ.બી.આઈ. બેન્કો સિવાય તમામ બેન્કોએ એક દિવસની હડતાળ પાળવાનું એલાન કરતાં દાહોદ શહેર સહિત જિલ્લામાં આજે બેન્કો બંધ રહી હતી. જેને પગલે રોજીંદો નાણાંકીય વ્યવહાર ખોરવાતા વેપારી વર્ગ સહિત લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ હડતાળમાં બેન્કો સાથે સાથે વીજ કંપનીઓ, વિમા કંપનીઓ, બીએસએનલ અને ઈન્કમટેક્ષના કર્મચારીઓ પણ જોડાયા હતા.

દેશના દશ બેન્ક યુનિયન સો સંકળાયેલા કર્મચારીઓ આ હડતાળવમાં જોડાયા હતા. આ દશ યુનિયનોમાં કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા અને ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પલોયી યુનિયનનો સમાવેશ થાય છે. જો કે, કોરોનાની મહામારીને કારણે બેન્ક કર્મચારીઓ રસ્તા પર આવીને કોઈ જ દેખાવો યોજ્યા ન હતા. માત્ર બેન્કમાં હાજરી આપવાની કલાર્ક કક્ષાના અને અન્ય કર્મચારીઓ દુર રહ્યા હતા. દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ આ હડતાળની અસર જોવા મળી હતી. હડતાળને પગલે વેપારીવર્ગ તેમજ સહિત લોકોના બેંક વ્યવહારો પણ ખોરવાયા હતા. આમેય દાહોદ જિલ્લો આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો હોવાને કારણે ઘણા ખરા બેન્કના ગ્રાહકોને આ હડતાળની જાણ ન હોવાને કારણે બેન્કનો ધક્કો ખાવાનો વારો પણ આવ્યો હતો. બેન્કો બંધ રહેતા નાણાંનો ઉપાડ બંધ રહ્યો હતો સાથે જ ટ્રાન્ફર એન્ટ્રી, સિફ્ટની સિસ્ટમમાં પૈસા ટ્રાન્સફર કરી શકાયા ન હતાં. કલીયરીંગનું કામકાજ પણ અટવાઈ ગયું હતું. દાહોદમાં એસ.બી.આઈ. સિવાય તમામ બેન્કો સજ્જડ બંધ રહી હતી. આ હડતાળવમાં વીજ કંપનીઓ, વીમા કંપનીઓ, બીસએસએનએલ અને ઈન્કમટેક્ષ કર્મચારીઓનો પણ સાથ સહકાર મળ્યો હતો અને તેઓ પણ પોતાના કામકાજથી અળગા રહી આજે આ હડતાળવમાં જોડાતા આ કચેરીઓ પણ બંધ રહી હતી અને આ કચેરીઓના ગ્રાહકોને પણ હાલાકી ભોગવવી પડી હતી. આજે ગુરૂવારે હડતાળ અને વચ્ચે માત્ર એક દિવસ શુક્રવારના દિવસે બેન્કો ચાલુ રહેશે ત્યાર બાદ ચોથો શનિવાર અને બાદમાં રવિવાર એમ બે દિવસ પણ સરકારી રજા હોવાને કારણે લાગી રહ્યું છે કે, બેન્કો બંધ રહેતા લોકોને ખુબજ મુશ્કેલી ભોગવવી પડી શકે છે. સોમવારના દિવસથી રાબેતા મુજબ કામકાજ શરૂ થઈ જશે.

# દાહોદ એન.વી.પટેલ રોડ ઉપર આવેલ નાસ્તાની દુકાનમાં સોશ્યલ ડિસ્ટન્સ નહિ જળવાતા સીલ કરાયું

દાહોદ,

દાહોદમાં આજે વધુ એક નાસ્તાની દુકાનને કોરોના ગાઈડલાઈનના ભંગ બદલ સીલ કરવામાં આવી છે. દિનપ્રતિદિન વધતાં કેસોના પગલે જિલ્લાવાસીઓ સહિત આરોગ્ય તંત્રમાં ચિંતાનો વિષય તો છે જ પરંતુ દાહોદ શહેરવાસીઓ તેમજ સાથે સાથે જિલ્લાવાસીઓ કોરોના સંક્રમણના વધતાં કેસોની ગંભીરતાને ધ્યાનમાં રાખી સોશીયલ ડિસ્ટન્સ, ફરજીયાત માસ્ક, સેનેટરાઈઝરના વપરાશનો અમલ કરે તેવી તંત્રની અપીલ છે. પરંતુ કેટલાક દુકાનદારો આવી ગંભીર પરિસ્થિતીમાં પણ કોરોના સંક્રમણનું ધ્યાન ન રાખી સોશીયલ ડિસ્ટન્સ સહિત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ ગાઈડલાઈનનો ભંગ કરતાં દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આવા દુકાનદારો સામે લાલઆંખ કરી દુકાનોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ ઘણી દુકાનોને સીલ કરી ચુકવામાં આવી છે. ત્યારે આજે વધુ એક નાસ્તાની દુકાન જે એસ.વી.પટેલ રોડ ખાતે આળેલ નુરી નાસ્તાની દુકાનમાં સરકારની લાઈડ લાઈનનું કોઈ પાલન ન જણાતાં આ અંગેની જાણ એસ.ડી.એમ. સહિતની ટીમને થતાં આ ટીમ ત્યાં પહોંચી ગઈ હતી અને ત્વરીત ધોરણે દંડનીય કાર્યવાહી કરી આ નાસ્તાની દુકાનને સીલ કરી દેવામાં આવી હતી. આજે એસ.ડી.એમ. સહિતની ટીમ દાહોદ શહેરમાં તપાસ અર્થે નીકળી હતી અને જ્યાં ગાઈડલાઈનનો ભંગ જણાતા તેઓ દ્વારા સ્થળ પર જ આવી દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# દાહોદમાં રૂખડી ગ્રામ પંચાયતના પટાવાળાને નોટીસ આપવા કેમ આવે છે કહી માર મારતા ફરિયાદ

દાહોદ,

રૂખડીના અને ગ્રામ પંચાયતમાં પટાવાળા તરીકે નોકરી કરતા કડકીયાભાઈ સીસકાભાઈ નિનામાં ફળિયામાં રહેતા મહેશભાઈ પુનીયાભાઈ કલારાના છોકરાના લગ્નના ગણેશ સ્થાપનાના કાર્યક્રમમાં ગયા હતા ત્યારે તેમના ફળિયામાં રહેતા સંદિપભાઈ કાળુભાઈ નિનામાં તેમની બોલેરો ગાડીમાં કાળુભાઈ લીંબાભાઈ નિનામા, અને અરવિંદભાઈ કાળુભાઈ, અનીલભાઈ કાળુભાઈ નિનામા પણ મહેશભાઈના ઘરે આવ્યા હતા ત્યારે સંદિપભાઈએ કડકીયાભાઈને કહેલ કે, તુ રાજીવ ભવન (ગ્રામ પંચાયતનુ સરકારી મકાન)ખાલી કરવા માટે મને નોટિસ આપવા વારંવાર મારા ઘરે કેમ આવે છે ? જેથી હું પંચાયતના પટાવાળામાં કરૂ છું અને મને નોટિસ બજાવવા મોકલે છે માટે આવવુ પડે છે. તેવો પ્રત્યુત્તર આપતા સંદિપ બિભત્સ ગાળો બોલવા લાગ્યો હતો. જેથી દલસિંગ કાળુ નિનામા એ ગાળો બોલવાનુ ના પાડતા સંદિપ તેની ગાડીમાંથી લાકડી કાઢીને દલસિંગભાઈને ડાબી આંખ ઉપર તથા કપાળના ભાગે મારી ઈજા કરી હતી. આ દરમિયાન રાજુભાઈ સીસકાભાઈ નિનામા વચ્ચે છોડાવવા પડતા અરવિંદભાઈ કાળુએ તેની પાસેથી મોટર સાયકલની ચેઈન મારતા રાજુભાઈને શરીરે ઉજરડા તેમજ ડાબા હાથે ઈજાઓ કરી હતી. તથા અરવિંદ કડકીયાભાઈ તથા તેમની પત્નિને પણ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સંદર્ભે લીમડી પોલીસ મથકે હુમલાખોરો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# ઝાલોદના થાળા ગામે છકડાને બચાવવા જતા ટ્રક ઈલેકટ્રીક થાંભલા સાથે અથડાઈ

દાહોદ,

ઝાલોદ તાલુકાના થાળા ગામના રમેશભાઈ ગજસિંગભાઈ ભાભોર, જામલીબેન ચુનીયાભાઈ ડામોર, તથા મુકેશભાઈ જાલસિંગભાઈ ડામોર જીજે-૧-વી-૪૭૩૧ નંબરની ટ્રકમાં બેસી ચણાસર ગામે ઈંટો ખાલી કરવા જતા હતા ત્યારે સાંજના છ વાગ્યાના અરસામાં લીલવાઠાકોર ગામે રોડ ઉપર સામેથી આવતી થ્રી-વ્હિલ પેસેન્જર છકડાને બચાવવા જતા ટ્રકના ડ્રાઈવર ગોધરાના અલ્તાફભાઈ ઈબ્રાહિમ મલેકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ઈલેકટ્રીક વીજળીના થાંભલા સાથે અથડાતા ટ્રકની ઉપર બેઠેલ રમેશભાઈને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. જેથી ઈજાગ્રસ્ત રમેશભાઈને ૧૦૮ દ્વારા દાહોદ સરકારી દવાખાને અને ત્યાંથી વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. આ સંદર્ભે ટ્રક ચાલક વિરુદ્ધ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# કોંગ્રેસના દિગ્ગજ નેતા અહેમદ પટેલ સુપુર્દ-એ-ખાક



પિરામણ,

કોંગ્રેસના ચાણક્ય અને અજાતશત્રુ રાજનેતા અહેમદ પટેલની આજે તેમના વતન પીરામણ ગામ ખાતે દફનવિધિ કરવામાં આવી છે. તેમની અંતિમ ઈચ્છા અનુસાર પીરામણ ગામમાં આવેલા કબ્રસ્તાનમાં માતા-પિતાની કબરની બાજુમાં જ તેમના પાર્થિવ દેહની દફનવિધિ કરવામાં આવી હતી. અહેમદ પટેલની દફનવિધિમાં રાહુલ ગાંધી અને કમલનાથ સહિતના કોંગ્રેસના નેતાઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત સ્થાનિકો પણ તેમના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

અંકલેશ્વર તાલુકા પીરામણ ગામમાં આવેલા કબ્રસ્તાનમાં માતા-પિતાની કબરની બાજુમાં જ અહેમદ પટેલના પાર્થિવ દેહની દફનવિધિ કરવામાં આવી હતી. જ્યાં સુન્ની વ્હોરા મુસ્લિમ જમાતના કબ્રસ્તાનમાં અહેમદ પટેલની અંતિમ વિધિ કરવામાં આવી હતી. અને જનાજાની નમાઝ અદા કરીને દફનાવવામાં આવ્યા હતા.

અહેમદ પટેલના પાર્થિવદેહને હોસ્પિટલમાંથી સીધા જ કબ્રસ્તાન લઈ જવામાં આવ્યો હતો. અંતિમ યાત્રામાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ઉપરાંત ગામના લોકો પણ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ પણ અહેમદ પટેલના પાર્થિવ દેહનને કાંધ આપી હતી. મળતી માહિતી પ્રમાણે છત્તીસગઢના ઝસ ભુપેશ બઘેલ, કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથ અને કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલા પણ અહેમદ પટેલની અંતિમવિધિમાં હાજર રહ્યા હતા.

૪અહેમદ પટેલના ગામ પીરામણમાં તેમની અંતિમવિધિમાં કોંગ્રેસના કેટલાય વરિષ્ઠ નેતાઓ તેમના ગામ પહોંચ્યા હતા. આ શોકના સમયમાં કોંગ્રેસમાં રાજકીય સલાહકાર તરીકે મહત્વની ફરજ બજાવનારા અહેમદ પટેલની અંતિમવિધિમાં રાહુલ ગાંધી પણ હાજર રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત કોંગ્રેસના પરેશ ધાનાણી, રાજીવ સાતવ, મધુસુદર મિસ્ત્રી, અમિત ચાવડા, હાર્દિક પટેલ સહિતના નેતાઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

અહેમદ પટેલનું બુધવારે વહેલી સવારે અવસાન થયું હતું. આ માહિતી ૭૧ વર્ષીય અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે આપી હતી. અહેમદ પટેલના અવસાનથી તેમના વતન ભરૂચ સ્થિત પીરામણ ગામમાં શોકનો માહોલ છે. કોંગ્રેસનાં ચાણક્ય અને ગાંધી પરિવારના નજીકના સાથી માનવામાં આવતા અહેમદ પટેલના અવસાનથી મોટો ફટકો પડ્યો છે.

- દફનવિધિમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ જોડાયા જેમાં રાહુલ ગાંધી, કમલનાથ, ભૂપેશ બઘેલ, ધાનાણી, અમિત ચાવડા સહિતના નેતાઓ હાજર રહ્યા, રાહુલ ગાંધી પટેલને કાંધ આપી.
- માતાપિતાની કબરની બાજુમાં અહમદ પટેલને સુપુર્દ-એ-ખાક કરાયા.

## ઝાલોદ પાલિકા ના ભ્રષ્ટાચાર અંગે ની તપાસ માં વિલંબ

# બે કાઉન્સિલર ની મોત છતાં પાલિકા ના ભ્રષ્ટાચાર અંગે નું મૌન ખરેખર વિચારવા જેવું!!!

ઝાલોદ,

ઝાલોદ નગર પાલિકા ના કાઉન્સિલર હિરેન પટેલ ની હત્યા બાદ થોડાક જ અંતરાલમાં પાલિકાના જ અન્ય કાઉન્સિલર અંતિમ અગ્રવાલ દ્વારા આત્મહત્યા કરવામાં આવી હતી. હિરેન પટેલની હત્યામાં પાલિકા આ અંગે પાલિકા તંત્રનું મૌન એ ખરેખર વિચારવા જેવું છે.

હિરેન પટેલની હત્યામાં સામેલ અજય કલાલના નામે દુકાન ખોટા બીલો રજૂ કરી અને સંમતિ પત્રક બનાવી બારોબાર ફાળવવા માં આવી હોવાનું બહાર આવ્યું હતું. તો અંતિમ અગ્રવાલ ની સાથે સંકળાયેલા લોકોનો જ હાથ હોવાનું જ્યારે સામે આવ્યું હતું. અને પોલીસ હાલ મુખ્ય માથાઓ સુધી પહોંચવા માટે પણ લાગેલી જોવા મળી રહી છે.

ત્યારે અન્ય એક કાઉન્સિલર અંતિમ અગ્રવાલ દ્વારા પણ આત્મહત્યા કરવામાં આવતા, આ માટે પાલિકા ના રાજકારણ થી લઈને પાલિકામાં થયેલો કરોડો નો ભ્રષ્ટાચાર જ જવાબદાર હોવાનું સર્વવિદિત છે. ત્યારે અંતિમ અગ્રવાલના પરિવાર દ્વારા મહિલા કાઉન્સિલરના પતિ દ્વારા ફોન પર આપવામાં આવેલી ધમકી ને કારણે જ અંતિમ અગ્રવાલ દ્વારા આત્મહત્યા નું અંતિમ પગલું લેવામાં આવ્યું હોવાનું કહેવાય રહ્યું છે. તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા કુલડીમાં જ ગોળ ભાગવામાં આવી રહ્યો હોય તેમ હાલ તો લાગી રહ્યું છે.અને આત્મહત્યા માં પણ મહિલા કાઉન્સિલર ના પતિ ની અવેજ માં તેના મિત્ર ને આપવામાં આવેલ મત્સ્ય ઉછેરના વાર્ષિક ટેન્ડરમાં ગેરરીતિઓ જ જવાબદાર છે. તેમ છતાં બે બે કાઉન્સિલર ના કસમયે થયેલા મોત છતાં પણ પાલિકા માં થયેલા ભ્રષ્ટાચાર અંગે કોઈ જ તપાસ હજી સુધી આરંભવામાં આવી નથી જે ખરેખર સમજી શકાતું નથી. ત્યારે પાલિકા તંત્ર ના ભ્રષ્ટાચાર ને લઈને અખત્યાર કરવામાં આવેલા નરમ વલણ ને લઈને નગરજનોમાં પાલિકા તંત્ર તરફ હાલ તો રોષની લાગણી જોવા મળી રહી છે.

### પાલિકાના તમામ કામો ની માહિતી લેવા પોલીસ ફરકી જ નહિ

હિરેન પટેલ ની હત્યા બાદ પોલીસ તંત્ર દ્વારા પાલિકામાં ગત અઢી વર્ષના કામો અંગેની તપાસ માટેના દસ્તાવેજોની માંગ કરી હતી. જો કે એક મહિનાનો સમય વિતી જવા છતાં પોલીસ આ માહિતી લેવા હજી સુધી ફરકી પણ નથી, ત્યારે પોલીસ પણ આ અંગે નરમ વલણ જ દાખવતી હોવાનું કહેવાય છે.

### રામસાગર તળાવ ના મત્સ્ય ઉછેર માટે થયેલા તળાવ માં પણ ગેરરીતિ

રામસાગર તળાવ ના મત્સ્ય ઉછેર માટે અગાઉ થયેલો ત્રણ લાખ ઉપરાંત નો કોન્ટ્રાક્ટ રદ કરી અને પાલિકાના મહિલા કાઉન્સિલર દ્વારા માત્ર એક લાખ ત્રીસ હજારમાં જ પોતાના જ મિત્રના નામે લેવામાં આવ્યો હતો. જો કે આ અંગે પાલિકા તંત્ર દ્વારા વારંવાર નોટીસ આપવા છતાં રકમ ભરવામાં આવી નહોતી. અને તેમાં બોગસ બીલો રજૂ કરી અને દુકાન જેવી જ રીતે રકમ ભરવામાં આવી હતી. આ અંગે પાલિકા દ્વારા નોટિસ આપવામાં આવ્યા છતાં આ રકમ ભરવામાં આવી નહોતી જેને પગલે પાલિકા તંત્ર દ્વારા તળાવ નો આ કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવે તેવી વકી હતી. જેના બીજા દિવસે જ મહિલા કાઉન્સિલરના પતિ દ્વારા અંતિમ અગ્રવાલ ને ફોન પર ધાક ધમકી આપવામાં આવી હતી. જેનાથી કંટાળી ને જ અંતિમ અગ્રવાલ દ્વારા પોતે આત્મહત્યાનું અંતિમ પગલું ભર્યું હોવાનું કહેવાય છે.

બે માસના ટૂંકા ગાળા માં જ જ્યારે પાલિકાના બે જેટલા કાઉન્સિલરનું કસમયે થયેલા મૃત્યુ માટે જવાબદાર પાલિકાના રાજકારણ કે પાલિકા ના જ ભ્રષ્ટાચાર ને જ જ્યારે કારણભૂત માનવામાં આવે છે. ત્યારે, આ ભ્રષ્ટાચાર ની તપાસ અંગેનું મૌન એ ખરેખર ઉડી ને આંખે વળગે છે. ત્યારે આ અંગે જરૂરી પગલાં લેવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૨૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૨૩ કોરોના પોઝીટીવ દર્દીઓના સમાવેશ સાથે જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૧૨૮ને પાર કરી ચુક્યો છે. આજના ૨૩ પૈકી ૧૭ કેસો તો ઝાલોદ તાલુકામાંથી જ સામે આવ્યા છે. જેમાંથી ૬ કેસો ઝાલોદ અર્બન અને બાકીના ૧૧ ઝાલોદ ગ્રામ્ય વિસ્તારના છે. દાહોદ બાદ ઝાલોદ ગ્રામીણ વિસ્તારો કોરોના વકરી રહ્યો છે અને દિવસે દિવસે કુદકેને ભુસકે વધતી કેસોની સંખ્યામાં હવે કોરોનાએ જાણે ગ્રામીણ વિસ્તારો તરફ પ્રયાણ કર્યું હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. આર.ટી.પી.સી.આર.ના ૩૫૦ પૈકી ૨૦ અને રેપીટ ટેસ્ટના ૧૫૩૭ પૈકી ૩ મળી આજે ૨૩ કોરોના સંક્રમણના કેસો પોઝીટીવ આવ્યા છે. આ ૨૩ પૈકી દાહોદ અર્બનમાંથી ૪, ઝાલોદ અર્બનમાંથી ૬, ઝાલોદ ગ્રામ્યમાંથી ૧૧, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૧ અને ગરબાડામાંથી ૧ કેસનો સમાવેશ થાય છે. આજે ૯ દર્દીઓએ હોસ્પિટલમાંથી સાજા થઈ રજા લેતાં એક્ટીવ કેસ ૧૯૫ રહેવા પામ્યા છે. ત્યારે બીજી તરફ અત્યાર સુધી કોરોનાથી ૭૯ લોકોએ પોતાની જીવ ગુમાવી બેઠા છે. આજે ૨૬ કેસો પૈકી માત્ર ૧૭ કેસો તો ઝાલોદમાંથી જ સામે આવ્યા છે અને તેમાંય ૧૧ કેસો ગ્રામીણ વિસ્તારના છે. અર્બન વિસ્તારની સાથે સાથે હવે કોરોના સંક્રમણે ગ્રામીણ વિસ્તારમાં પોતાની પક્કડ જમાવી છે. ત્યારે આરોગ્ય તંત્રની ટીમ દ્વારા જે પ્રમાણે અર્બન વિસ્તારો ટેસ્ટીંગ હાથ ધરવાની કામગીરી કરવામાં આવી છે. તેવી જ રીતે હવે ગ્રામીણ વિસ્તારોમાં પણ સ્થાનીક લેવલે ટેસ્ટીંગ લેવલ વધારવામાં આવે તેવી તાતી જરૂરીયાત છે.

# દાહોદ ખાતે નિવાસી અધિક કલેક્ટરની અધ્યક્ષતામાં બંધારણ દિવસની ગૌરવભેર ઉજવણી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવેની અધ્યક્ષતામાં અધિકારીઓ-કર્મચારીઓએ બંધારણ દિવસની ગૌરવભેર ઉજવણી કરી હતી અને ભારતના બંધારણના આમુખના શપથ લઈ બંધારણ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવેએ ભારતીય બંધારણના મૂલ્યો અને સિદ્ધાંતો વિશે સમજ આપી હતી અને બંધારણના આમુખનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બંધારણનું આમુખ સાચો નિર્ણય કરવા માટે યોગ્ય દિશાદર્શન-માર્ગદર્શન આપે છે અને જ્યારે પણ કંઈ મહત્વની બાબતે નિર્ણય લેવાનો હોય તો બંધારણના મૂલ્યોનો પ્રથમ ખ્યાલ કરવામાં આવે છે.

અધિક કલેક્ટરએ આ પ્રસંગે ડો. બાબાસાહેબ આંબેડકરની બંધારણના નિર્માણમાં ભૂમિકા યાદ કરી તેમના પ્રદાન વિશે જણાવ્યું હતું. ત્યાર બાદ સૌ કર્મયોગીઓએ બંધારણ પ્રત્યેની પોતાની નિષ્ઠા દર્શાવતા બંધારણના આમુખનું વાચન કરીને શપથ લીધા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોવીડ-૧૯ની તમામ માર્ગદર્શીકાનું સુપેરે પાલન કરવામાં આવ્યું હતું.

# દે.બારીઆ નગરપાલિકાના ઈન્ચાર્જ CO આમ જનતાની મુલાકાત માટે ગુરૂવારનો દિવસ આપશે ?

દે.બારીઆ,

દેવગઢ બારીઆ નગર પાલિકામાં છેલ્લા ઘણા સમયથી સી.ઓ.નો પદ ઈન્ચાર્જમાં ચાલે છે. જેના કારણે આમ જનતાની સમસ્યાઓ જ્યાંની ત્યાં જ છે. કોઈપણ કાર્યમાં ચીફ ઓફિસરનું હોવું જરૂરી છે. બીજા કર્મીઓ ગલ્લા તલ્લા કરતા હોય છે. અમુકને તો લહેર છે. ચાલો સી.ઓ. નથી. આપણ ને કોણ પૂછશે. બાર વાગ્યા સુધી રજીસ્ટરમાં હાજરીની સહી પણ થતી નથી. આવા કર્મીઓનું શું કરવું ? લાગતા વળગતા પદના અધિકારીઓ આ વિશે ધ્યાન લેશે ખરા કે પછી બોડી બામણીનું ખેતર સમાન ચાલતું રહેશે. જ્યારે જાવ તરત પાછા જતા રહેવું આવું ક્યાં સુધી ચાલશે આને મોડેલ તાલુકામાં સ્થાન ખરૂ તે સમજી શકાશે ખરું ?

દેવગઢ બારીઆના ઈન્ચાર્જ સી.ઓ. હઠીલા અઠવાડીયામાં દે.બારીઆ નગર પાલિકાની જનતા માટે ગુરૂવારનો દિવસ આપે તેવી આમ જનતાની બુલંદ માંગ ઉઠવા પામી છે. શહેરના વિકાસના કાર્યોમાં ગતી આપશે અને શહેરના વિકાસ રૂંધાશે નહીં ગુજરાતની ગતિશીલ અને સંવેદનશીલ સરકારનું લુહામણું સુત્રને સાર્થક કરી બતાવીએ તો જ આપણા શહેર અને તાલુકાને મોડેલ રૂપી તાલુકા કહી શકીશું.

# ઝાલોદના ધાવડીયા ગામે નાકાબંધી કરી ટ્રકમાં લઈ જવાતો ૨૬ હજારના દારૂના જથ્થો ઝડપ્યો

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના ધાવડીયા ગામે પોલીસની નાકાબંધી દરમ્યાન એક ટ્રક ત્યાંથી પસાર થતાં પોલીસે તેની તલાતી લેતાં તેમાંથી ૧૪ વિદેશી દારૂની પેટીઓ મળી આવતાં પોલીસે રૂા.૨૬,૮૮૦ના પ્રોહી જથ્થા સાથે રૂા.૧,૫૦,૦૦૦ની ટ્રકની કિંમત મળી કુલ રૂા.૧,૭૬,૮૮૦ના મુદ્દામાલ સાથે ટ્રકના ચાલકની અટક કર્યાનું જાણવા મળે છે.

ઝાલોદ તાલુકાના મોટીહાંડી ગામે ખોબરા ફળિયામાં રહેતા રૂમાલભાઈ દલસીંગભાઈ નિનામા ગત તા.૨૫મી નવેમ્બરના રોજ પોતાના કબજાની ટ્રક લઈ ધાવડીયા ગામેથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન ધાવડીયા ગામે નાકાબંધીમાં ઉભેલ આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતી હતી. રૂમાલભાઈ તેઓની ટ્રક લઈ ત્યાંથી પસાર થતાં પોલીસે તેને ટ્રક સાથે ઉભો રાખ્યો હતો. પોલીસે ટ્રકની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની પેટી નંગ.૧૪ જેના નાની મોટી બોટલો નંગ.૬૭૨ કિંમત રૂા.૨૬,૮૦૦ તેમજ રૂા.૧,૫૦,૦૦૦ની ટ્રક મળી કુલ રૂા.૧,૭૬,૮૮૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી ઉપરોક્ત ચાલકની અટક કરી પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આ પ્રયોગ બીજા લોકો ને પણ બતાવો

: કફ :

- દરરોજ થોડી ખજુર ખાઈ ઉપર પાંચ ઘુંટડા ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈને બહાર નીકળે છે અને ફેફસાં સાફ બને છે .
- દૂધમાં હળદર , મીઠું અને ગોળ ગરમ કરી પીવાથી કફ મટે છે.
- રાત્રે સુતી વખતે ત્રણ ચાર તોલા શેકેલા ચણા ખાઈ ઉપર પોશેર દૂધ પીવાથી શ્વાસનળીમાં એકઠો થયેલો કફ નીકળી જાય છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 81

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## મનરેગા હેઠળ ગોધરા તાલુકાના

# ઘુસર (ન.વ.)માં પંચાયત દ્વારા વિવિધ કામોમાં ગેરરીતિની તપાસમાં બે માસ વિતવા છતાં મંથરગતિએ





- વર્ષ ૨૦૧૯-૨૦માં રસ્તા, ચેક વોલ, પેવર બ્લોક, માટી-મેટલ, નાળાના કામોના જાણ બહાર ઠરાવ.
- રજુઆત કરવા છતાં તાલુકા પંચાયત દ્વારા તપાસના નામે મૌન.
- કેમ અત્યાર સુધી ગ્રામ પંચાયતના સરપંચ તથા જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આંખ આડા કાન.
- અનેકવાર રજુઆતો કરવા છતાં તપાસ કાર્યરત હોવાની બહાના બાજી.
- સ્થળ પર કામ કર્યુ નથી અને સરકારી નાણાં ઉપાડયા હોવાના આક્ષેપો.
- તાલુકા પંચાયત દ્વારા તપાસ હાથ નહીં ધરતાં અનેક શંકા કુશંકાઓ.
- સરપંચે ચાર્જ સ્વીકારવાની સાથે જ ગેરરીતિ શરૂ કરી દીધી હતી.
- સભ્યો કે ગ્રામજનોની જાણ બહાર વહીવટી મંજૂરી મેળવી હતી.
- સરપંચ, તલાટી અને જીઆરએસ એ નિતિ નિયમો બાજૂ મૂકીને મીલીભગતથી ભૂતિયા જોબકાર્ડ બનાવાયા હતા.

ગોધરા,

ગોધરા તાલુકાના ઘુસર (નવી વસાહત) ગ્રામ પંચાયતના સત્તાધીશોએ મનરેગા યોજના હેઠળ બોગસ લાભાર્થીઓના જોબકાર્ડ બનાવી નાણા ઉપાડયા. રસ્તાના કામોમાં જેસીબીનો ઉપયોગ કરાયો હતો. જ્યાં જૂના નાળા હતા ત્યાં માત્ર ૧૦ થી ૧૫ % નાણા વાપર્યા. ચેક વોલ તકલાદી બનાવાતા ગુણવત્તા વિના પાણી સંગ્રહ થઈ શકે નથી. આથી મનરેગા યોજનામાં મિલીભગતથી આર્થિક ગેરરીતિ આચરીને નાણાની ઉચાપત થતાં સભ્યો તથા ગ્રામજનોએ ઉચ્ચસ્તરે રજુઆત કરીને તપાસની માંગ કરી હતી પરંતુ બે માસ જેટલો સમય વિતવા છતાં તાલુકા પંચાયત દ્વારા તપાસ હાથ નહીં ધરતાં અનેક શંકા કુશંકાઓ વ્યાપી છે. અને જવાબદારોને છાવરવાના પ્રયત્નો કરાઈ રહ્યા છે.

ગત સપ્ટેમ્બર માસમાં ગોધરા તાલુકાના ઘુસર (નવી વસાહત) ગ્રામ પંચાયતના સભ્યો કોકિલાબેન મહિપતસિંહ રજાત, ચંદ્રિકાબેન કમલેશ પલાસ તથા ગ્રામજનોએ મુખ્યમંત્રીને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયત દ્વારા મનરેગા યોજનામાં ગેરરીતિ કરીને સરકારી નાણાની ઉચાપત કરાયેલી છે. જેમાં વર્ષ ૧૯-૨૦ના મનરેગા યોજના હેઠળ ચેક વોલ, પેવર બ્લોક, માટી-મેટલ રસ્તા, નાળા, તળાવ ઊંડા કરવા માટે ઠરાવો જાણ બહાર કરી તાલુકા પંચાયતમાંથી તાત્કાલીક વહીવટી મંજૂરી મેળવીને કામો શરૂ કર્યા છે. આ યોજનાથી ગરીબ બેરોજગારોને ઘર આંગણે રોજગારી આપવાનું છે. પરંતુ સરપંચ, તલાટી, જીઆરએસ એ મનરેગાન નીતિ નિયમોને બાજુ પર મૂકીને એકબીજાની મિલીભગતથી લોકોની જાણ બહાર ભૂતિયા જોબકાર્ડ બનાવીને વિવિધ કામો માટે તાલુકા પંચાયતમાંથી મસ્ટર મેળવી તેમાં બોગસ સહીઓ કરીને નાણા બારોબાર ઉપાડી લીધેલ છે. જે નામે મસ્ટ ઈશ્યુ થયેલ છે તેવા માણસો આ કામથી અજાણ છે અને કયારે કામો કર્યા નથી. આ સહી કરનારાઓ મોટાભાગે રોજગારી માટે બહાર ગામ હોય છે. તેમના બોગસ બેંક ખાતા ખોલાવીને બારોબાર ઉપાડી છે. જયારે અન્ય ખાતા પીધે સુખી પરિવારોના પણ મસ્ટરમાં નામ દાખલ કર્યા છે. માટી-મેટલના રસ્તા કામમાં જેસીબી અને ટ્રેકટરનો ઉપયોગ કરી મોટી રકમના બિલો લાભાર્થીના નામે ઉપાડયા છે. માત્ર ૧૦ % જ નાણા સ્થળે વપરાયા છે. બાકીના બોગસ બિલો મૂકી ઉપાડયા છે. નાળાના કામોમાં જૂના ચેક ડેમ હતા ત્યાં ફકત નાળા ગોઠવી ફોટા પાડી તાલુકા પંચાયતમાં સુપરવાઈઝરની મિલીભગતથી નાણા ઉપાડયા છે. જે હેતુથી જરૂરીયાત ઊભી થાય તેવો હેતુ સ્થળે જણાતો નથી. જયાં નાળાની જરૂરીયાત નથી. ત્યાં માત્ર નાણાનો દુરઉપયોગ થયો છે. જયાં ચેકવોલમાં માત્ર ૧૦ % નાણાનો ઉપયોગ થતા ગુણવત્તા ન જળવાતા એક જ વરસાદમાં તૂટી ગયેલ છે. તકલાદી માલ-સામાન વાપર્યો છે. અત્યારે શોભાના ગાંઠીયારૂપ દેખાય છે અને પ્લાસ્ટર ન દેખાતા પાણીને અટકાવીને ભવિષ્યમાં ખેતી માટે ઉપયોગમાં લઈ શકતો નથી. ચેકડેમ બનાવેલ ત્યાં સપાટ જમીન હોવાથી પાણી સંગ્રહ થઈ શકે તેમ નથી. આથી ઉચાપતનો હેતુ જણાય છે. પેવર બ્લોક પણ સરપંચના વગદારને ત્યાં બનાવી કયાંય રેતી મેટલ કે સીસી કામ કરેલ નથી. માત્ર પેવર બ્લોકના ફોટા પડાવીને કામો મંજૂર કરાવીને ગેરરીતિ કરાઈ હતી. આ અંગે અરજદારે તાલુકા પંચાયતને પણ રજુઆત કરી હતી પરંતુ બે માસ જેટલો લાંબો સમય વિતવા છતા હજુ સુધી કોઈ તપાસ કાર્યવાહી હાથ ધરવામાં નહીં આવતા કામગીરી બાબતે અરજદારોમાં અનેક શંકા કુશંકાઓ વ્યાપી છે. અનેકવાર રજુઆતો કરવા છતાં કોઈપણ જાતની કાર્યવાહી હાથ નહી ધરીને તપાસ ચાલુ છે. તેવી બ્હાના બાજી કરીને આવા જવાબદારોને છાવરવાના પ્રયત્નો કરાઈ રહ્યા હોવાના આક્ષેપો ઉઠયા છે.

### લો બોલો.... તંત્ર જ કહે છે કામો અધુરા છે.....

આ અંગે પુછતા ગોધરા તાલુકા પંચાયતના નરેગા વિભાગમાં ફરજ બજાવતા એપીઓ અરવિંદભાઈ બારીઆ એ જણાવ્યું હતું કે, હાલ મારી બદલી થઈને ચાર્જ લીધો છે. ભુતકાળમાં થયેલા કામો સ્થળ પર છે કે નથી કે આ ગેરરીતિ બાબતે કોઈપણ પ્રકારની માહિતી મારી પાસે નથી. અને હાલ આ ગેરરીતિ સંદર્ભે તપાસ ચાલુ છે. પરંતુ પ્રથમ દ્રષ્ટિ એ કામો અધુરા હોવાનું પણ જાણવા મળેલ છે.

### જો કામો જ અધુરા હોય તો બીલો કઈ રીતે ચુકવાયા ?

એક બાજુ તંત્ર જ કબુલે છે કે, ઘુસર (નવી વસાહત) ગામે નરેગા યોજના અંતર્ગત વિવિધ કામો અધુરા છે. તો પ્રશ્ન એ સર્જાય છે કે, જો કામો અધુરા હોય ત્યારે તેના ચુકવણા કરવાના હોતા નથી. સ્થળ તપાસ તથા કામગીરીની ગુણવતા બાદ જ સરકારી નાણાંની ચુકવણી કરવાની હોય છે. પરંતુ આ ઘુસર (નવી વસાહત) ગામમાં અધુરા કામોના બીલો મંજુર કરી નાણાં ચુકવી દીધા હોવાનું બહાર આવ્યું છે. જો લાખોના બીલો ચુકવ્યા હોય તો તેના માટે જવાબદાર ગણાતા સરપંચ કાંતો એકાઉનટન્ટ ની મીલીભગતની પોલ ખોલીને તેઓ સામે કાયદાકીય પગલાં ભરવા જોઈએ. ત્યારે વહેલીતકે ડી.ડી.ઓ. એ સમગ્ર કૌભાંડની તલસ્પર્શી તપાસ કરીને તેઓ સામે પોલીસ ફરીયાદ કરવી જોઈએ તેવી અરજદારો પણ માંગ કરી રહ્યા છે.

### વિક્રેતાના દસ્તાવેજી પુરાવાની ચકાસણી કર્યા વિના ખરીદી થઈ હતી.....!

સરપંચ, તલાટીએ આવા કામો કરવા બિલો રજૂ કયા તે કોઈ પેઢી કે દુકાન પણ આવેલી નથી પોતાની મેળે બિલો છપાવીને બિલો રજૂ કરેલ છે. આ મુકાયેલા બિલોના દુકાનો / સપ્લાયર્સ / પેઢીઓ / ક્વોરીઓ / સિમેન્ટના વેપારીઓને ત્યાં રૂબરૂ જઈ તપાસ થાય તો આવા કોઈ વિક્રેતા નથી. જેથી સ્થળે રૂબરૂ તપાસ કરવી જોઈએ. જો વિક્રેતા હોય તો સરકારમાંથી મંજૂરી મેળવેલ છે કે કેમ ? તેઓ સરકારમાં ભરવાપાત્ર સેલ્સ ટેક્ષ/ એકસાઈસ ડયૂટી / સર્વિસ ટેકસ ભરેલ છે ?

જે સામાન માટેના બિલ આપ્યા છે. તે માલ ધરાવે છે કે અન્ય વેપારીઓ પાસેથી ખરીદે છે ? જો આ ગ્રામ પંચાયતે ગિરીરાજ ટ્રેડર્સ/સિટીઝન ઈન્ફોરમેશન બોર્ડ જેવી કોઈ વેપારી આવેલ નથી. જો હયાત હોય તો ખરેખર ધંધો કરેલ છે. આવી દુકાન/વેપારી પેઢીએ જીએસટી મેળવેલ છે કે કેમ ? સરકારમાં સેલ્સ ટેક્ષની રકમ ભરે છે કે કેમ તેની તમામ તપાસ થવી જોઈએ. કારણ કે રજૂ થયેલા બિલો તમામ બોગસ જણાય છે.

# પંચમહાલ જીલ્લામાં આજે ૨૬ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૩૧૩૪ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૨૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. નવા ૨૬ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૩૧૩૪ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૨૬ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. તેમાં ગોધરામાં-૧૪, હાલોલ-૦૬, કાલોલ-૦૨,ઘોઘંબા-૦૪ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૦૪ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૨૨૫.
- મૃત્યુ આંક - ૧૨૧.

### ગોધરામાં કોરોના સંક્રમણના કેસમાં વધારો : નગર પાલિકા ચીફ ઓફિસર પછી સેનેટરી ઈન્સ્પેકટર કોરોના સંક્રમિત

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના સંક્રમિત કેસમાં વધારો થઈ રહ્યો છે. બે દિવસ પહેલા બી ડીવીઝન પોલીસ મથકના ૧૦ જેટલા પોલીસ કર્મીઓ કોરોના પોઝીટીવ નોંધાયા છે. ગોધરામાં કોરોના વોરીયર્સ તરીકે રાત-દિવસ ફરજ બજાવતા કર્મચારીઓ કોરોના સંક્રમણના ભોગ બની રહ્યા છે. જેને લઈ વહીવટીતંત્ર અને આરોગ્ય તંત્ર ચિંતીત છે. ગોધરા નગર પાલિકાના ચીફ ઓફિસર તેમજ પાલિકાના સેનેટરી ઈન્સ્પેકટર પણ કોરોના સંક્રમણના ભોગ બન્યા છે. ગોધરા નગર પાલિકાના મુખ્ય અધિકારી તેમજ સેનેટરી ઈન્સ્પેકટરનો કોરોના પોઝીટીવ આવતાં પાલિકા કર્મચારીઓમાં કોરોના સંક્રમણનો ડર જોવા મળી રહ્યો છે.

# ઘોઘંબા બસ સ્ટેન્ડ પાછળથી રૂા.૩૬,૭૫૦નો દારૂ ઝડપાયો

ઘોઘંબા,

ઘોઘંબા બસ સ્ટેન્ડ પાછળ ત્રણ સ્ત્રીઓ પાસેથી વિમલના થેલામાંથી રૂા. ૩૬,૭૫૦/-નો વિદેશી દારૂની બોટલો મળી આવતા પોલીસે તેઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

પ્રાપ્ત મહિતી મુજબ પંચમહાલ રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક એમ.એસ.ભરાડા તથા પંચમહાલ જીલ્લા પોલીસ અધિક્ષક ડો.લીના પાટીલ તથા નાયબ પોલીસ અધિક્ષક એચ.એ.રાઠોડ તથા સર્કલ પો.ઈન્સ. એચ.સી. રાઠવા નાઓએ વિદેશી દારૂની બંદીને નેસ્ત નાબૂદ કરવા માટે અને વિદેશી દારૂનો જથ્થો પકડી પાડી કાયદેસરની કડક અમલવારી કરવા સુચના કરતા રાજગઢ પોલીસ સ્ટેશન પો.સ.ઈ. આર.આર. ગોહિલની સુચના અને માર્ગદર્શન મુજબ રાજગઢ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો પોલીસ સ્ટેશનમાં હાજર હતા. તે દરમિયાન હે.કો દિનેશ કુમાર ગોવિંદભાઈને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ઘોઘંબા બસટેન્ડ પાછળના ભાગે ત્રણ સ્ત્રીઓ વિમલના થેલામાં ભારતીય બનાવટ નો વિદેશી દારૂ લઈ ઉભેલ છે તેવી બાતમી હકીકત આધારે સદર જગ્યાએ જતા ઉપરોકત વર્ણનવાળી ત્રણ સ્ત્રીઓ બેઠેલ હતી.તેઓની પાસેના બે વિમલના થેલામાં જોતા તેમા ભારતીય બનાવટની વિદેશી દારૂ હોઈ પકડાયેલ સ્ત્રીઓના નામ પુછતા નીચે પ્રમાણે જણાવેલ છે. જેમાં ૧. રાધિકા બેન વાલમભાઈ સંગાડીયા, ૨. પાયલબેન કાસમભાઈ સંગાડીયા બંને રહેઃ રે મોટી ખરજ, તા.જિ. દાહોદ તથા ૩, સરલાબેન સિનીયાભાઈ દહીયા રહેઃ પુસરી, તા.જિ. દાહોદ ના હોવાનુ જણાવેલ તે દરમિયાન સદર વિમલના થેલા ખોલી ચેક કરતા તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની પ્લાસ્ટિકની કવાર્ટરીયા બોટલો નંગ- ૩૫૦ જેની કુલ કીમત રૂ.૩૬,૭૫૦/-નો પ્રોહિ મુદ્દામાલ મળી આવેલ જેથી ત્રણે આરોપીઓની ધરપકડ કરી તેઓની વિરૂધ્ધ પ્રોહી એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલી છે.

## ગોધરા અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન દ્વારા સંવિધાન દિવસની ઉજવણી કરાઈ

ગોધરા,

હેડ ક્વાટર ટ્રેનિંગ સુબેદાર આર. વી. બારીયા, અભયમ પ્રોજેક્ટ કોઓર્ડીનેટર ચંદ્રકાન્ત એમ.મકવાણા, કાઉન્સેલર પારૂલ સોલંકી અને ટીમ ઉપસ્થિત રહ્યા હતા.

અભયમ ૧૮૧મહિલા હેલ્પલાઈન ગોધરા તરફથી સંવિધાન દિવસ ની થયેલ ઉજવણી. અભયમ ૧૮૧મહિલા હેલ્પલાઈન ટીમ પંચમહાલ તરફથી ૨૬નવેમ્બર સંવિધાન દિવસ ની ઉજવણી પોલીસ હેડ ક્વાટર ગોધરા ખાતે કરવામાં આવી હતી જેમાં તાલીમાર્થી ઓ ને ૧૮૧મહિલા હેલ્પલાઈન વિષે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત ભારતના બંધારણના મૂળભૂત સિદ્ધાંતો સમાનતા, બંધુત્વ, સ્વતંત્રતા અને મૂળભૂત અધિકારો વિષે માહિતી આપવામાં આવી હતી. બંધારણનું આમુખ વાંચવામાં આવ્યું હતું.

## પંચમહાલ જીલ્લાના અલગ-અલગ બસ સ્ટેશન ઉપર માસ્ક વગર ફરતા ૩૦૫૭ કેસ નોંધાયા

ગોધરા,

જિલ્લામાં વધી રહેલા કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખીને જિલ્લા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. હાલ ગોધરા તેમજ જિલ્લાના અલગ અલગ બસ સ્ટેશન પર પોલીસને સાથે રાખીને ટેસ્ટિંગ સેન્ટર ઊભા કરી માસ્ક પહેર્યા વગર ફરતા લોકોનું કોરોના ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે. પંચમહાલ જિલ્લાના અલગ અલગ બસમથકો પર મંગળવારે માસ્ક પહેર્યા વગર ફરતા ૧૨૮ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પંચમહાલ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૩,૦૫૭ કેસ નોંધાયા છે.



ગોધરા ૧૦૮ ને ૨૫ નવેમ્બરના રોજ રાત્રીના ત્રણ વાગ્યાના સમયે વાવડી ટોલ નાકા પાસેથી અમરેલી-દાહોદ બસમાં મુસાફરી કરતી મહિલાને ડીલીવરીનો દુઃખાવો ઉપડતા ૧૦૮ ઘટના સ્થળે પહોંચી હતી. મહિલાની સફળ પ્રસુતિ કરાવી હતી. ૨૫ નવેમ્બરના રોજ ગોધરા ૧૦૮ એમ્બ્યુલન્સને રાત્રી-૩ વાગ્યાના સમયે વાવડી ટોલ બુથ પાસેથી કોલ મળ્યો હતો કે અમરેલી થી દાહોદ બસમાં મુસાફરી કરી મહિલાને પ્રસૃતિ પીડા ઉપડી છે. તેવો કોલ સાથે ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈ.એમ.ટી. દેવેન્દ્ર સોલંકી દ્વારા મહિલાની સફળ ડિલવરી કરાવી હતી. પ્રસૃતા મહિલા વાંદરીબેન અને બાળક બન્નેની તબીયત સારી રહી છે.

# ૩૦ ગુજરાત બટાલિયન NCC ગોધરા દ્વારા બંધારણ દિવસની ઉજવણી

ગોધરા,

સમગ્ર દેશમાં આજે ૨૬ નવેમ્બર બંધારણ દિવસ તરીકે ઉજવામાં આવે છે. લોકતંત્રમાં સંવિધાન - બંધારણને સર્વોપરિ ગણાવતાં તેની રક્ષા આપણું કર્તવ્ય છે. આપણા બંધારણના ઉદેશો સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જળવાઈ રહે તો જ લોકશાહિ પ્રબળ અને મજબૂત બને તેવો ધ્યેય રાખીને લોકો માટે, લોકો વડે, લોકો થકી આ લોકતંત્રની બંધારણની ગરિમા આપણે સૌએ વધારવાની છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪ થી તા .૨૬ નવેમ્બરને



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

રાષ્ટ્રભરમાં સંવિધાન દિવસ તરીકે ઉજવાની પરંપરા શરૂ કરવામાં આવી હતી. પંચમહાલ જિલ્લાના વડામથક ગોધરા ખાતે પણ આજે સવિંધાન દિવસની ઉજવણી કરવામા આવી હતી. જે અંતર્ગત ૩૦ ગુજરાત બટાલિયન એન.સી.સી. ગોધરા દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બંધારણના આમુખની પ્રતિજ્ઞા લેવડાવામાં આવી હતી. ૨૬ નવેમ્બર બંધારણ દિવસ અંર્તગત ૩૦ ગુજરાત બટાલિયન એન.સી.સી. ગોધરા દ્વારા આજરોજ બંધારણ આમુખની પ્રતિજ્ઞા લેવડાવી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બટાલિયનના C0 કર્નલ S.B. Sasalatti, SM ગુરમુખસિંહ , પી.આઈ. સ્ટાફ, એસ.પી. ટી.કોલેજ ગોધરાના એન.સી.સી. કેડેટ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો.